જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૮/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૮ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૩,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૭૨/૨૦૨૫**

નારોલઃ સુભાષભાઇ સ/ઓ ગેંદાલાલ રાજપુત (રહે. શ્યામસુંદરનગર માવતર ડેરી પાસે, નારોલ કોર્ટની પાછળ નારોલ) એ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૫ થી તા.૦૭/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા પર રાખેલ સિમેન્ટ તથા લોખંડનુ પતરૂં હટાવી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) ચાંદીની પાયલ કિમત રૂપિયા ૨૦,૦૦૦/– (૨) કમરના કંદોરા બે જોડી કિમત રૂપિયા ૪૦,૦૦૦/– (૩) કાનમાં પહેરવાની સોનાની એક જોડી કડી કિમત રૂપિયા ૨૦,૦૦૦/– (૪) ચાંદીના સિક્કા નંગ–૧૧ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૧૭૩/૨૦૨૫**

નરોડાઃ કશ્યપભાઇ સુધીરભાઇ વ્યાસ (ઉ.વ.૨૯)(રહે.ગાયત્રી ગ્રીન ફ્લેટ હેવન હાઇટસ ફ્લેટ સામે હંસપુરા નરોડા) તા.૧૩/૦૮/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા હિંદવા સ્કાય લાઇફ સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કશ્યપભાઇના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૬૫,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કશ્યપભાઈ વ્યાસ એ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૪/૨૦૨૫**

વાડજઃ કેતન જેન્તીભાઇ વઘોરા (ઉ.વ.૪૦)(રહે.હાલારનગર સૌરાબજી કમ્પાઉન્ડ જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૫ સવારના ૧૧/૩૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

માધવપુરાઃ વિજયભાઇ ભોગીલાલ દાતણીયા (ઉ.વ.૪૪)(રહે.લાખાજીની ચાલી મહેંદીકુવા માધવપુરા) એ બિમારીથી કંટાળી તા.૧૯/૦૮/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

નિકોલઃ હીરાભાઈ કરસનભાઈ દેવીપુજક (ઉ.વ.૩૫)(રહે.કઠવાડાગામ ચુનારાવાસ કઠવાડા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નરોડા પાર્વતી જાદવ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૮/૨૦૨૫ રાતના ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ દલપતભાઇ ચલાવે છે.

બોડકદેવઃ ઝાયડસ હોસ્પીટલમાં સ્ટાફ નર્સ તરીકે નોકરી કરતા નિરલકુમાર અનિલભાઈ ખ્રિસ્તી (ઉ.વ.૩૮)(રહે.ક્રાઈસ્ટ ફોક સોસાયટી સિંધવાઈ માતા મંદીર પાછળ રામોલ રોડ સી.ટી.એમ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૫ રાતના ૧/૪૫ વાગ્યાના સુમારે ઝાયડસ હોસ્પીટલ ખાતે સાતમાં માળે ટોયલેટમાં જઈ પોતાની જાતે પોતાના શરીરમાં ઝેરી દ્રવ્યયુક્ત ઈન્જેકશન મારતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરભદ્રસિંહ વનરાજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી